**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૧ ટકા ● સાંજે ૧૧ ટકા

# સે-૨૪માં નોનવેજની હાટડીઓ પર તંત્રની તવાઈ

## ઘ-૫ થી એલડીઆરપીના લારી-ગલ્લા સહિત ઝુંપડાના દબાણો દુર કરાયા





ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી દબાણનો પ્રશ્ન તંત્ર માટે માથાના દુખાવા સમાન બની ગયો છે. શહેરમાં રાત્રે ના વધે તેટલા દબાણો દિવસે વધતા નજરે પડે છે. શહેરના મુખ્ય માર્ગો સહિત સેકટરના આંતરીક માર્ગો પર પણ દબાણકારોએ અડીંગો જમાવી દીધો છે. ત્યારે આજે સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે ધમધમતી ગેરકાયદેસર૧૪ થી વધુ ચિકન-મટનની દુકાનો પર મનપાની દબાણ ટીમે લાલ આંખ કરી હતી. તાત્કાલીક તમામ ગેરકાયદેસર ચાલતી દુકાનો બંધ કરાવી દીધી હતી. જેને પગલે વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જયારે આગામી સમયમાં શહેરમાં ચાલતી તમામ નોનવેજની દુકાનો પર મનપાની ટીમ દ્વારા ચેંકીગ હાથ ધરવામાં આવશે અને ગેરકાયદેસર દુકાનદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જયારે આ ટીમે ઘ-૫ થી એલડીઆરપી સુધીના માર્ગ પર આવેલ તમામ લારી-ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો પણ દુર કર્યા હતા.

ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં ગૌ-હત્યા વિરોધી કડક કાયદો પસાર કરવામાં આવ્યો છે. જેને પગલે તંત્ર દ્વારા રાજયભરમાં ચાલતા ગેરકાયદેસર કતલખાના અને છુટક નોનવેજની હાટડીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ વર્ષોથી લાઈસન્સ વિના ધમધમતી મટન-ચિકનની દુકાનો પર આજે મનપાની દબાણ ટીમના વડા મહેશ મોડે લાલ આંખ કરીને કડક કામગીરી કરતા વેપારીઓમાં ભય ફેલાયો છે. શહેરના સેકટર-૩૦, સાબરમતિ નદીના કિનારે, સેકટર-૨૧, સહિત ૨૪માં નોનવેજના વેચાણની હાટડીઓ ધમધમે છે. ત્યારે આજે સેકટર-૨૪માં ચાલતી ગેરકાયદેસર મટન-ચિકનની દુકાનો બંધ કરાવાઈ હતી અને સામાન પણ જપ્ત કરાયો હતો. અચાનક તંત્ર હરકતમાં આવતા વેપારીઓ પણ અચંબામાં પડી ગયા હતા. જયારે દબાણ ટીમ ત્રાટકતા જ કેટલાક વેપારીઓએ આપોઆપ દુકાનોના શટર બંધ કરી પલાયન થઈ ગયા હતા. ત્યારે આ અંગે દબાણ ટીમના વડા મહેશ મોડે જણાવ્યું હતું કે આગામી સમયમાં પણ વિવિધ સેકટરોમાં ચાલતી ગેરકાયદેસર નોનવેજની દુકાનોનું પણ ચેંકીગ હાથ ધરવામાં આવશે અને લાઈસન્સ વિના ચાલતી મટન-ચિકનની દુકાનો શહેરમાંથી સંપૂર્ણ પણે બંધ કરાવાશે. જયારે ઘ-૫ થી એલડીઆરપી સુધીના માર્ગ પર આવેલા લારી-ગલ્લા તેમજ ઝુંપડાના પણ ૧૦ થી વધુ દબાણો દુર કર્યા હતા. અને માર્ગ પર લગાવેલા હોંડીગ્સ પણ દબાણ હોવાથી દુર કર્યા હતા.

# હોસ્પિટલના ગાયનેક વિભાગમાં જ આઈસીયુ અને એચડીયુ વોર્ડ તૈયાર થશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના જુના ઓપીડી બિલ્ડીંગમાં નવીન અદ્યતન ગાયનેક વિભાગ નિર્માણ પામી રહ્યો છે. જેમાં હાર્ટ અને રિસ્કી હોય તેવી સગર્ભા મહિલા દર્દીઓ માટે આઈસીયુ અને એચડીયુ યુનિટ તૈયાર થઈ રહ્યું છે. જેમાં સેન્ટ્રલી એસી, હાઈટેક સાધનો તેમજ ઓકસીજન સહિતની સુવિધા ઉભી કરાઈ છે. આધુનિક ગાયનેક વોર્ડ લગભગ પાંચ મહિનાની અંદર કાર્યરત થઈ જશે. સગર્ભા અવસ્થા દરમિયાન અને પ્રસુતિ બાદ ગમે તેવી પરિસ્થિતિમાં પણ મહિલા દર્દીઓને વોર્ડ બહાર ખસેડવા ન પડે તે માટે આ વિભાગ તૈયાર થઈ રહ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ૬૦૦ બેડની હોસ્પિટલમાં તાવથી માંડીને કીડની સબંધિત રોગની સારવાર કરાવવા દર્દીઓ મોટી માત્રામાં આવે છે. માળખાકીય સુવિધાને પગલે જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે ત્યારે શહેરની હોસ્પિટલમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી સૌથી વધુ સંખ્યામાં સગર્ભા મહિલા દર્દીઓ સારવાર માટે આવે છે. જેમાં કેટલીક મહિલા દર્દીઓ હાર્ટ સબંધિત બિમારી કે રિસ્કી પોઝીશનમાં આવતી હોય છે. તેવી મહિલાઓને અમદાવાદ રીફર ન કરવી પડે અને ગાંધીનગર હોસ્પિટલના જ ગાયનેક વોર્ડમાં સારવાર મળી રહે તે માટે ખાસ આ વિભાગ જુના ઓપીડી બિલ્ડીંગમાં તૈયાર થઈ રહ્યો છે. આ ગાયનેક વિભાગમાં સગર્ભા અવસ્થા દરમિયાન કે પ્રસુતિ બાદ ગમે તેવી પરિસ્થિતિમાં મહિલાઓને યુનિટમાં જ સારવાર મળી રહે તે રીતે આધુનિક વોર્ડ નિર્માણ પામી રહ્યો છે. જેમાં આઈસીયુ યુનિટમાં ૫ બેડ તેમજ હાઈ ડેફીનેશન યુનિટમાં ૬ બેડ રાખવામાં આવ્યા છે. જુના ઓપીડી બિલ્ડીંગમાં ગાયનેક વોર્ડ તૈયાર થઈ રહ્યો છે તેમજ ભવિષ્યના સમયમાં પણ આ વોર્ડ ત્યાં જ રહેશે તેમાં કોઈપણ જાતનો ફેરફાર થશે નહી. જયારે જિલ્લાની મહિલાઓ માટે આ ગાયનેક વોર્ડ આશિર્વાદ રૂપ સાબિત થશે.

# રતનપુરનાં જમીન દલાલનો લવારપુર કેનાલમાંથી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર તાલુકાના રતનપુર ગામમાં રહેતા ૩૫ વર્ષીય જમીન દલાલની ગાડી ગઈ કાલે લીંબડીયા કેનાલની બહારથી મળી આવતા કેનાલમાં શોધખોળ શરુ કરવામાં આવી હતી. દરમિયાન આજે જમીન દલાલનો કેનાલમાંથી તરતો મૃતદેહ મળી આવ્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા રતનપુર ગામમાં રહેતા ૩૫ વર્ષીય પ્રવિણસિંહ સાંભાજી બિહોલા જમીન દલાલીનો વ્યવસાય કરે છે. સવારે ઘરેથી નિકળ્યા બાદ સાંજે મોડા ઘરે આવતા હોય છે. બે દિવસ અગાઉ ગુરુવારે સવારે ઘરેથી નિકળ્યા બાદ ઘરે પરત ફર્યા ન હતાં. દરમિયાન ગઈ કાલે લીંબડીયા કેનાલ બહારથી તેમની ડસ્ટર ગાડી મળી આવી હતી. કેનાલમાં ફાયરબ્રિગેડ અને બહિયલના તરવૈયાઓએ શોધખોળ શરુ કરી હતી. દરમિયાન આજે બપોરના અરસામાં લીંબડીયાથી કરાઈ કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ બહાર કઢાવી ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. પરિવારજનોએ હત્યા થઈ હોવાનો આક્ષેપ કરતા પોલીસે પેનલ ડોકટરથી પી.એમ. કરાવીને ઘટનાની બારીકાઈથી તપાસ એએસઆઈ મહેન્દ્રસિંહે હાથ ધરી છે.

# ગેસ્ટ હાઉસમાં રૂમ ભાડે રાખી સટ્ટો રમાડતા ચાર ઝડપાયા

**મહેસાણાના જોટાણા વિસ્તારના ચાર બુકી સે-૨૧ના ગેસ્ટ હાઉસમાં બેસીને સટ્ટો રમાડતા હતા : અભ્યાસ કરવા માટે રૂમ રાખ્યો હોવાનું હોટલ સંચાલકને કહ્યું હતું**

ગાંધીનગર, તા.૧૫

આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બુકીઓ પોલીસથી બચવા નિત નવા નુસખા અને નવા-નવા સ્થળ પસંદ કરી રહ્યા છે ત્યારે મહેસાણાના ચાર બુકીઓ ગાંધીનગરના સે-૨૧માં એક ગેસ્ટ હાઉસમાં સટ્ટો રમાડતા પકડાઈ ગયા છે. સે-૨૧ પોલીસે દરોડો પાડીને ચાર બુકીઓને પકડી પાડી રૂ. ૮૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઉંડી તપાસ શરુ કરી છે.

સેકટર-૨૧ પોલીસ મથકના ડીસ્ટાફને ગઈ કાલે બાતમી મળી હતી કે સે-૨૧ આર વર્લ્ડ થિયેટર નજીક આવેલા શિવ સદન ગેસ્ટ હાઉસમાં રૂમ બાડે રાકી બુકીઓ આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યા છે તેને આધારે જમાદાર રાજેન્દ્રસિંહ તથા તેમની ટીમે દરોડો પાડીને રૂમ નં. ૩૦૩માંથી ચાર બુકીને રંગે હાથ દબોચી લીધા હતા. ન્યુ રાણીપના પટેલ વૈકુંઠ ભરત, કૃષ્ણનગરના કમલેશ ભરત પટેલ, અમદાવાદનો નરેન્દ્ર બળદેવ પટેલ અને મહેસાણાના જોટાણા વિસ્તારના યોગેન્દ્ર જયવંત ચાવડા મળી ચાર બુકીઓને પાંચ મોબાઈલો તથા સટ્ટા બુક મળી ટીવી સેટ સહીત કુલ રૂ. ૮૨૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. ચારેય શખ્સો મુળ જોટાણા મહેસાણા વિસ્તારનું હોવાનું અને ગેસ્ટ હાઉસ સંચાલકને અભ્યાસ કરવા આવ્યા હોવાનું બહાનું કાઢીને રૂમ લીધો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. ગ્રાહકો અને મુળ બુકીઓ સુધી પહોંચવા સે-૨૧ પોલીસે ગુનો નોંધી ઉંડી તપાસ આરંભી છે.



ગાંધીનગરના એસટી, એસસી, ઓબીસી સંગઠન દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિ નિમિત્તે તેમની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સંગઠનના પ્રમુખ મગનભાઈ પરમાર, વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાત તથા અશ્વિન સુહાન, મુકેશ મારુ, વિનોદ મેણાત, કિરીટ પરેરા, સુધીર સોલંકી, ચિમનભાઈ ચૌધરી, શાંતિલાલ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## @ગાંધીનગર

● રોટરી કલબ અને પ્રજના હેલ્થ કેરના સંયુકત ઉપક્રમે ઉનાવા ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન કરવામાં આવેલ છે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો જનકબેનના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૭૭/૧, સે-૪-એ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● શકિત મંડળ દ્વારા આનંદનો ગરબો સુમિત્રાબેન પટેલ પ્લોટ નં. ૧૦૬/૨, સે-૧૪ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● રાધા કૃષ્ણ મંડળ દ્વારા આનંદનો ગરબો નિરંજનાબેન સોલંકી ફલેટ નં. ૧૦૨, શુકનવિલા સરગાસણ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● હ્યુમન ફાઉન્ડેશન દ્વારા સે-૨૨ નંદનવન સોસાયટી, પ્લોટ નં. ૫૨૫/૨, ઘ-૬ કોર્નર પાસે સવારે ૯ થી સાંજના ૬ કલાક સુધી પાણીના કુંડાનું વિતરણ કરાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા યોજાઈ હતી. સામાન્ય સભાની પૂર્ણાહુતિ બાદ ઉનાળાની સીઝનને અનુલક્ષીને તમામ કાઉન્સિલર્સને આઈસ્કીમ ખવડાવી 'ઠંડક'નો અનુભવ કરાવાયો હતો.

## સે-૧૬માં પાન પાર્લરમાં જુગાર રમતા રૂ. ૯૨ હજારના મુદ્દામાલ સાથે પાન પાર્લર સંચાલક સહિત બે શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૧૬ ખાતે આર વર્લ્ડ થિયેટરની બાજુમાં આવેલા જયદેવ પાન પાર્લર ખાતે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસે ગઈ સાંજે દરોડો પાડી બે શકુનીઓને દબોચી લીધા હતા. પોલીસે મોબાઈલો તથા રોકડ મળી કુલ રૂ. ૯૨ હજારના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી લઈ વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૨૧ પી.આઈ. મિનાક્ષીબેનની ટીમને ગઈ સાંજે બાતમી મળી હતી કે સે-૧૬ ખાતે આવેલા જયદેવ પાન પાર્લરમાં જુગાર રમાઈ રહ્યો છે. જમાદાર રાજેન્દ્રસિંહ તથા તેમની ટીમે બાતમીને આધારે દરોડો પાડી બે શકુનીઓને પકડી પાડયા હતા. શહેરના સે-૭ પ્લોટ નં. ૬૯૦/૧ ખાતે રહેતા પરેશ કનુ રાઠોડ અને સે-૩૦ ગુજરાત હાઉસીંગ બોર્ડમાં મકાન નં. ૧૫૬માં રહેતા કૃણાલ રજનીકાન્ત શાહને દબોચી લઈ પોલીસે મોબાઈલો તથા રોકડ મળીને કુલ રૂ. ૯૧,૯૮૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. સે-૨૧ પોલીસે મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ઉજ્જવલ પંકજકુમાર બુદ્ધ**
વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**
હરિયાળી, સુંદરતા, શાંતિ અને 'સ્વર્ણિમ પાર્ક'ના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**
અહીંના નગરજનો સારા, શિક્ષિત અને સેવાભાવી છે. અલબત્ત, માત્ર પોતાના માટે જીવતા હોય તેવા નગરજનો પણ અહીં વસે છે ખરા.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નગરમાં થતી વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે. એમાંય કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
પર્યાવરણ જતન અને સાઈકલ ટ્રેક માટે વ્યવસ્થાની જરૂર જણાય છે.

**નગર માટે હું કરી શકું**
શહેરમાં વૃક્ષોનું પ્રમાણ વધારવા અને પર્યાવરણને સુખરૂપ બનાવવા માટે મારું પૂર્ણ યોગદાન આપવા હું તૈયાર છું.

# વિદ્યાર્થીઓએ બનાવેલા રોબોટસ સંશોધન અને વિકાસમાં ઉપયોગી બની શકે



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીકના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજમાં વિદ્યાર્થીઓએ રોબોટ બનાવી ઓપન હાઉસમાં પ્રદર્શિત કરતા સૌને દંગ કરી દીધા હતા. રાજય સ્તરના આ 'ઓપન હાઉસ'નું ઉદઘાટન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં કરાયું હતું. ઓપન હાઉસમાં રાજયની ૧૫ ઈજનેરી કોલેજોમાંથી વિદ્યાર્થીઓએ ૩૦૦થી વધુ પ્રોજેકટસ રજૂ કર્યા હતા.

વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજની ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ બ્રાન્ચમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ચિંતન બગટડયા, વનકુંજ શાહ, કૌશલ ત્રિવેદી તથા નીરજ મકવાણાએ પ્રાધ્યાપક મેહુલ શાહના માર્ગદર્શન હેઠળ 'ઓટોમેટિક એરેન્જિગ રોબોટ' બનાવ્યો છે. આ રોબોટ જુદા જુદા પ્રકારની વસ્તુઓને તેના રંગ, કદ તથા પોઝિશન પ્રમાણે અલગ અલગ રીતે સેન્સ કરી શકે છે અને સેન્સ કર્યા બાદ દે વસ્તુને જાતે ઉપાડી અન્ય નિર્ધારિત સ્થળે લઈ જઈ મુકી શકે છે. આ રોબોટની કાર્યની ઝડપ અને ચોકસાઈપૂર્વકની ગોઠવણી કરવાની ક્ષમતાને કારણે તે ગુજરાતના મેટ્રો રેલના પ્રોજેકટમાં ઉપયોગી નિવડી શકે છે તેવું વિદ્યાર્થીઓનું માનવું છે.

આ ઉપરાંત વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના આઈ.સી. ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ શીતલ ચૌધરી, મોનકા દેવાણી, માનસી લેઉવા તતા ઝિલ સિંઘ દ્વારા પ્રાધ્યાપક મેહુલ શાહના માર્ગદર્શન હેઠળ 'બાયો સિગ્નલ આધારિ રોબોટ' બનાવાયો છે. આ રોબોટ માનવીની વિચારશકિત અને તેની કેન્દ્રશકિત પ્રમાણે કામ કરે છે અને અમુક ચોકકસ વિચાર પર તે ગતિ કરે છે. માણસના મગજના તંરગો અનુભવ્યા બાદ તે અનુસાર કાર્ય કરતો આ રોબોટ દિવ્યાંગો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે તેમજ રિસર્ચ અને ડેવલપમેન્ટમાં તેનો સારો ઉપયોગ થઈ શકે છે.

# ગૂંજ ફાઉન્ડેશન દ્વારા મંગળવારે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

**એક વર્ષમાં એક હજાર બોટલ રકતદાનનો લક્ષ્યાંક પૂરો કરવાનો હેતુ**

ગાંધીનગર, તા.૧૫

૧૮મી એપ્રિલ મંગળવારે ગૂંજ ફાઉન્ડેશન પ્રેરિત વહોટ્સએપ દ્વારા ગાંધીનગર તથા અમદાવાદ જિલ્લાના જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓને અણીના સમયે લોહી પુરી પાડતી સેવા 'વહોટસએપ બ્લડ બેંક'ને એક વર્ષ પૂર્ણ થાય છે. આ પ્રસંગે ગૂંજ ફાઉન્ડેશન દ્વારા 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહા રકતદાન શિબિર તા. ૧૮ એપ્રિલ ૨૦૧૭ મંગળવારે સવારે ૯ થી બપોરે ૪ કલાક દરમિયાન સે-૧૨, ઉમિયામાતાજી મંદિરે કડવા પાટીદાર સમાજના હોલ ખાતે યોજાશે. આ મહા રકતદાન શિબિરમાં ૧૦૧ બોટલ રકત એકત્ર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ મહા રકતદાન શિબિરના સદકાર્યમાં સહભાગી બનવા સૌ નગરજનોને ગૂંજ ફાઉન્ડેશન દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગૂંજ ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'માં એકત્ર થનાર રકતને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલને દાન કરવામાં આવનાર છે તેથી આ રકતદાન શિબિરમાં મોટી સંખ્યામાં રકતદાન કરવા તથા કરાવવા નગરજનોને આહવાન કરવામાં આવ્યું છે.

# ડૉ. આંબેડકરનો પ્રભાવ વિષય પર સાહિત્ય વિચારગોષ્ઠિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

જે વ્યક્તિ વખાણને ઓળખી શકે છે, તે જ ટીકાને ઓળંગી શકે છે, તેવો ઉમદા ગુણ ડૉ. બાબાસાહેબ આંબેડકરમાં હતો, તેવું ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ ગાંધીનગર ખાતે યોજાયેલ સાહિત્ય અને જીવન પર ડૉ. આંબેડકરનો પ્રભાવ એ વિષય પરના એક દિવસીય સાહિત્ય વિચાર ગોષ્ઠિમાં જણાવ્યું હતું.

દરેક સાહિત્ય કાર એક કોલબંસ છે, તેવું કહી ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સમાજમિત્ર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા આયોજીત સાહિત્ય વિચારગોષ્ઠિના સમારંભમાં તેઓશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વ. ચંદ્રકાન્ત બક્ષી એવું કહેતા હતા કે, જેવું દેખાય છે, તેવું લખાય છે. બાકી કલ્પનાઓ છે. બાબા સાહેબ આંબેડકરના વ્યક્તિત્વની ઓળખ તેમના લખાણ અને તેમના માટે લખાયેલા સાહિત્ય પરથી જાણી શકાય છે. બાબા સાહેબ આંબેડકર વિશ્વ વિભૂતિ હતા, ખૂબ જ પ્રતિભાશાળી વ્યક્તિ હતા. જેથી જ તેમની પ્રતિમાને કોલંબિયા યુનિવર્સીટીમાં મુકવી પડી છે. હાલમાં સફળતા કેવી રીતે મેળવવી તેનું સાહિત્ય સૌથી વધુ વંચાય છે.

સમૂહ જીવનએ સંગઠિત છે, જેમાંથી ચૈતન્ય પકડીએ તે સાહિત્ય છે, તેવું કહી વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, બાબાસાહેબ આંબેડકરે ભારતની રાષ્ટ્રભાષા સંસ્કૃતને રાખવા માટેની અપીલ કરી હતી. તેઓએ દલિત સમાજને શિક્ષિત, સંગઠિત અને સંઘર્ષ કરવાની અપીલ કરી છે. દલિત સમાજ પર આ વિરાટ પુરૂષની અસર ખૂબ જ છે. સંગઠિત થવું એટલે પોતાના અહમને ઓગાળવો પડે તેવું કહીને સંગઠિત થવા શું કરવું તેની દષ્ટાંતપૂર્વક વાત કરી હતી. એક પણ માણસ એવો નથી કે જે સંઘર્ષ કર્યા વગર સફળ થયો હોય.



આ પ્રસંગે ગુજરાત દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઇ ગઢવી, લક્ષ્ય,ગાંધીનગરના અધ્યક્ષ અને નિવૃત આઈ.એ.એસ શ્રી એમ.બી.પરમાર, સમાજ મિત્રના તંત્રી શ્રીમતી રસીલાબેન પરમાર સહિત અનેક મહાનુભાવોએ પોતાના મંતવ્ય આ સાહિત્ય વિચારગોષ્ઠિમાં રજૂ કર્યા હતા.

આ પ્રસંગે સમાજમિત્રના આંબેડકર જયંતિ નિમિત્તે પ્રસિધ્ધ થયેલા સમાજમિત્ર વિશેષાંકનું અને આંબેડકર વિચાર પુસ્તકનું વિમોચન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વરિષ્ઠ નિવૃત્ત અધિકારી શ્રી પ્રવિણ શ્રીમાળી કર્યું હતું. આભાર વિધી માહિતી ખાતાના નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક શ્રી નટુભાઈ પરમારે કરી હતી.

આ સાહિત્ય વિચારગોષ્ઠિમાં ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરીશ મંગલમ, જાણીતા દલિત સાહિત્ય સમીક્ષક શ્રી ડૉ. નાથાલાલ ગોહિલ, જાણીતા દલિત કવિ શ્રી અરવિંદ વેગડા સહિત મોટી સંખ્યામાં દલિત સાહિત્યકારો, લેખકો, સર્જકો અને મહાનુભાવો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ચિરવિદાય

- સ્વ. વિક્રમસિંહ અમરસિંહ વાઘેલા, ઉ.વ. ૬૧
- સ્વ. મહેશજી પરબતજી ઠાકોર, ઉ.વ. ૨૦
- સ્વ. ગાંડાભાઈ સરતાનભાઈ રબારી, ઉ.વ. ૬૦
- સ્વ. પાલીબેન લક્ષ્મણજી મકવાણા, ઉ.વ. ૭૫
- સ્વ. ઈશ્વરસિંહ રજુજી વાઘેલા, ઉ.વ. ૫૨